સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

વસવાટના હેતુ પર વેપારનું ત્રાટક છે,
મિલીભગતના મંચે આ 'નોટિસ'નું નાટક છે,
ઝાટક આવશે દબાણે ઉપરથી 'દબાણ'નો -
'સ્ટે'થી કરીને, સુપ્રીમ સુધી કોર્ટનાં 'ફાટક' છે.

હાઈકુ

થાય કચરો,
વહેવાર કચરો,
ખાય કચરો...
(મનપા - ગેરવહીવટ)

મોંઘવારીની
દાહ પર, લ્યો, છાંટે
તેલ-પેટ્રોલ...
(વેટ નહીં ઘટે !!)

ચિંતન

અપ્રતીકારોષ્વનાદરો ન કર્તવ્ય ।

શત્રુને ઉદાસીન નિહાળી એની ઉપેક્ષા ના કરશો.

આક્રમણખોર શત્રુ કોઈ કારણસર શાંતિને વળગી શાંત હોય તો તે શત્રુતા ભૂલી ચૂક્યો છે એવો અર્થ ના ઘટાડવો જોઈએ. શત્રુ પ્રત્યેની જરા સરખી પણ બેદરકારી ભયંકર અનિષ્ટજનક બને છે. કારણ કે શત્રુ હંમેશા શત્રુ જ હોય છે. એની શાંતિ પણ ખતરનાક હોય છે.

શરીરમાં થોડી પીડા કે નાનો રોગ હોય, નાનો દુશ્મન વિરોધી હોય, એકાદ નાની કુટેવ હોય એ જીવન વ્યવહારમાં તો ઠીક પણ અધ્યાત્મ માર્ગમાં નાના શત્રુ છે કઈ ઘડીએ હુમલો કરી કેન્સર જેવો મહારોગ કે હૃદયની ધોરી નસોમાં રૂકાવટ કરી દે કંઈ કહેવાય નહીં.

સાવધાન - સાવચેત રહેવું જરૂરી.

સુવિચાર

- છુરી કા તીર કા તલવાર કા તો ઘાવ ભરા, લગા જો ઝખ્મ જબાં કા, રહા હમેશા હરા - **અખંડ આનંદ**
- લક્ષ્મી ચાર પ્રકારે થાય : માંગલિક કાર્યોથી મળે, ચતુરાઈથી વધે, ડહાપણથી મૂળ નાખે છે અને સદુપયોગથી પ્રતિષ્ઠા અપાવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે તમારા દાદાને ખાંસી ખાતા શીકવી નહીં શકો - **તેલુગુ કહેવત**
- ધૈર્ય એક અનોખી તાકાત છે,
  સમય અને ધૈર્ય મળીને મલબારી વૃક્ષના પાનનું રેશમ બનાવી દે છે - **સંત ઓગસ્ટીન**
- કૌવત વિનાની બુદ્ધિ, લુચ્ચાઈ અને ઠગાઈ છે અને બુદ્ધિ વિનાનું કૌવત નાદાની છે
  ગાંડપણ છે - **અખંડ આનંદ**
- જે સુલેહનો દરવાજો ઠોકતો હોય તેની સાથે તું કજિયો શોધતો નહીં - **મનહર શેઠ**
- આજનું ઔષધ : ગોખરું, એખરો અને એરંડાના મૂળ દૂધમાં ઘસીને પીવાથી પથરી નીકળવામાં સરળતા રહે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મહાપુરુષોને મળો ત્યારે તેમનો પ્રભાવ આપણી ઉપર પડે છે. મહાપુરુષમાં જે ગુણ હોય તે ગુણ તેમને મળનારી વ્યક્તિમાં પણ પેદા થઈ જાય છે. ભગવાન મહાવીર જંગલમાંથી જઈ રહ્યા હતા. બે-ત્રણ જણ તેમને સામેથી આવતા મળ્યા તેમણે કહ્યું, 'આ રસ્તે ન ચાલશો આગળ ઝેરીલો સાપ છે.' મહાવીર સ્વામિએ તેમની વાત ન સાંભળી અને એ જ રસ્તે ચાલતા થયા. પેલા બે જણને થયું આ માણસ પાગલ છે. છતાં કંઈક કૂતુહલ થતા તેઓ પણ આગળ રસ્તામાં શું થાય છે? તે જોવા તેમની પાછળ - પાછલ ચાલવા લાગ્યા. થોડાક આગળ જતા પેલો સાપ રસ્તામાં મળ્યો. સ્વામિએ જરાક પણ ડર ન લાગ્યો. સાપે વિચાર્યું કે આ જરૂર કોઈ મહાત્મા હશે પણ તેમ છતાં સ્વામિને પગના અંગૂઠાએ ડંખ માર્યો. ડંખ મારતા મહાવીર સ્વામિના અંગૂઠામાંથી લોહીની બદલે દૂધ વહેવા લાગ્યું. હવે સાપને ખાતરી થઈ ગઈ કે કોઈ યોગી પુરુષ છે. તે ત્યાં જ નિરાંતે પડ્યો રહ્યો. મહાવીરે વિષધર નાગને શાંત પડેલો જોય ત્યારે તે બોલ્યા. 'નાગરાજ, હું તમારી સમક્ષ આત્મસમર્પણ કરું છું, મારા દેહને તમારો આહાર માનો.' પછી તો સાપને આત્મગ્લાનિ થઈ કે આવા દેવપુરુષને મેં શું કામ ડંખ માર્યો. નજીકના કિડિયારામાં પોતાનું મોં નાંખી દીધું. સાવ નિશ્ચેતન સાપને કીડીઓ ઘેરીવળી અને સાપને ચારે તરફથી ખાવાનું શરૂ કરી દીધું. સાપ ઉપર મહાવીર સ્વામીની સાધુતાનો પ્રભાવ પડ્યો હતો. તે જીવતો હતો. છતાં કીડીઓ સામે કોઈ પ્રતિકાર ન કર્યો અને પોતાનું આત્મસમર્પણ કરી દીધું. પરિણામે સાપને સ્વર્ગની પ્રાપ્તિ થઈ.

ગુજરાત ધીમી ગતિએ જ્ઞાતિવાદનું સમરાંગણ બની રહ્યું છે

તંત્રીસ્થાનેથી...

ગુજરાતને જ્ઞાતિવાદનું સમરાંગણ બનાવવાની જાણે કે હોડ જામી ગઈ છે. હાર્દિક પટેલના હાકલા પડકારા શમ્યા નથી કે એમના જેવા જ મહત્ત્વાકાંક્ષી ક્ષત્રિય ઠાકોર નેતા અલ્પેશજી એમના સમાજનું સંગઠન કરવા મેદાન પડ્યા છે. પ્રશ્ન કોણ કોનાથી ચડીયાતું - એ નક્કી કરવાનો છે. ગુજરાતમાં પાટીદારો કરતાં પણ વધારે સંખ્યાબળ ધરાવતા ઠાકોર કોળી સમાજનું નેતૃત્વ હંમેશા નબળું રહ્યું છે. માત્ર એક માધવસિંહ સોલંકીને બાદ કરતાં આ સમાજના કોઈ નેતાની માસ અપીલ ઊભી થઈ શકી નથી. સંખ્યાબળ જોઈને રાજકીય પાર્ટીઓ ઠાકોર ક્ષત્રિય સમાજને ધારાસભા કે લોકસભાની ટીકીટો તો આપતી રહે છે પરંતુ અંતે એમનો ઉપયોગ તો સત્તા મેળવવા માટે કે ટકાવવા માટે જ થતો રહ્યો છે. માધવસિંહ સોલંકીએ બક્ષી જાતિઓ માટે સત્યાવીસ ટકા જેવી અનામત જાહેર કરીને માસ્ટર સ્ટ્રોક માર્યો હતો અને અત્યાર સુધીના ઈતિહાસમાં કોઈને ન મેળવી હોય એટલી ૧૪૯ બેઠકો મેળવીને વિક્રમ સર્જ્યો હતો. પરંતુ ગુજરાતની સવર્ણ પ્રજાએ એમના આ વિજયને ધૂળમાં મેળવવા અનામત આંદોલન આરંભી એમને સત્તા પરથી હટાવી દેવામાં સફળતા મેળવી હતી. આખરે ખરી સત્તા તો ધનકુબેરો - ઉદ્યોગગૃહોનાં માંધાતાઓ જ ભોગવતા રહ્યા છે. એમનાં નાણાંની રેલંછેલ કયારેક ચૂંટણીઓ જિતાડી ભારતીય જનતા પાર્ટી જેવી જમણેરી પાર્ટીને સત્તાના સર્વોચ્ચ સ્થાને બેસાડી શકે છે તો કયારેક અનામત વિરોધી કે તરફેણમાં આંદોલનમાં મદદરુપ બની સાવ જ નવાં પરિબળોને મેદાનમાં લાવી દેતી રહી છે. અત્યાર સુધીના ગુજરાતના રાજકારણમાં સવર્ણોનો હાથ અધ્ધર ન રહ્યો હોય એવો એક જ તબક્કો જોવા મળ્યો છે. માધવસિંહ સોંલકીના કેન્દ્ર સાથેના સૌહાર્દપૂર્ણ સંબંધો અને સવિશેષ ઈંદિરા ગાંધી સાથેના નિકટવર્તી તથા વિશ્વાસપાત્ર નેતા હોવાને લીધે કેટલાંક વર્ષો પૂરતો નબળા વર્ગોનો ગુજરાતના રાજકારણમાં દબદબો જરૂર રહ્યો છે. પરંતુ ત્યાર પછી નબળા વર્ગોના નેતાઓ વચ્ચે જ ગજગ્રાહ ઊભો કરાવવામાં સવર્ણ નેતાઓ અને ધનકુબેરોને સફળતાં મેળવતાં લાંબો વખત નહોતો લાગ્યો. નરસિંહ મકવાણા અને યોગેન્દ્ર મકવાણા જેવા દલિત નેતાઓ એ માધવસિંહ સોલંકીની સામે મોરચો માંડ્યો તે પછી આ ગરીબોના રાજકારણના અંતની શરુઆત થઈ ચૂકી હતી. કોંગ્રેસમાં નબળાં વર્ગોના ધુરંધર નેતાઓ પાક્યા ખરા પણ તેઓ કોંગ્રેસનું શાસન બચાવી શક્યા નહીં. છેલ્લા પાંત્રીસ વર્ષથી ગુજરાત સવર્ણ લોબીના તાબે જ રહ્યું છે. વર્તમાન વડાપ્રધાન ભલે ઝાડુ લઈને સવાઈ ગાંધી બનવાનાં સપનાં જોતા હોય કે પોતાની નાનકડી જ્ઞાતિ પણ ઓબીસી કવોટામાં સમાવાયેલ હોઈ પોતે નબળાં વર્ગોનું જ પ્રતિનિધિત્વ કરતા હોવાનો દાવો કરતા હોય, પરંતુ એમના સમર્થકો તો રતન ટાટા, મુકેશ અંબાણી, અદાણી કે અમિતાભ બચ્ચન જેવા ધનકુબેરો જ છે. એમને જયાં સુધી મોદીશાસનમાં પોતાનાં હિતો સચવાતાં લાગશે ત્યાં સુધી મોદીનો વાળ વાંકો થવાનો નથી. હાર્દિક પટેલ, અલ્પેશજી અને દલિત નેતા જિગ્નેશ મેવાણીએ ગમે તેટલું જોર કર્યું છતાં તેઓ ગુજરાતમાંથી ભાજપ શાસન હટાવી શક્યા નથી તે સૂચક નથી શું? હવે આ ત્રણ અલગ અલગ જ્ઞાતિસમૂહોના પ્રભાવશાળી યુવા નેતાઓ પોતપોતાના વર્ચસ્વવાળી જાળવણીની ફિકરમા પડ્યા છે. અલ્પેશ ઠાકોરે ખાટલા પરિષદો શરૂ કરી છે અને માલેતુજાર પાટીદાર સમાજની વિરુદ્ધ આડકતરું ઝેર ઓકી નવાં આંદોલના સંકેટો પાઠવી દીધા છે. જિગ્નેશ મેવાણી પાસે એસટી-એસસી અનામત એક્ટનો મુદ્દો આવે તે પહેલાં કેન્દ્ર સરકાર સજાગ થઈ ગઈ એટલે એ હાલ પૂરતાં શાંત છે. મોદી-શાહની જોડી ૨૦૨૨નાં સપનાં બતાવે છે અને પચાસ વરસ સુધી સત્તા પર ટકી રહેવાનાં બણગાં ફૂકતી રહે છે. આખરે પ્રજાને તો આવા નેતાઓના 'ઈગો' પાછળ જ હોમાયા કરવાનું છે !

સરકારી જમીન ખરીદવા માટેની નવી નીતિ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગુજરાત સરકારે જમીનની મૂલ્યાંકન અંગે નવી નિતી બહાર પાડેલ છે જે મુજબ હવે સરકારી જમીન ખરીદવી મોઘી થશે. આગામી વાયબ્રન્ટ સમીટ પૂર્વે રાજય સરકારે જમીનના ભાવ વધે તે રીતે જમીનની કિંમત નક્કિ કરતી મૂલ્યાંકન પધ્ધતિ અમલમાં મુકેલ છે.

જીલ્લા જમીન મૂલ્યાંકન સમીતી દ્વારા વિવિધ હેતુ માટે નાના મોટા પ્રોજેકટસ માટે સરકારી જમીનોની કિંમત નક્કિ કરાતી હતી પરંતુ હવે કોઈપણ હેતુ માટે સરકારી કે સરકારી હિત સમાયેલ હોય તેવી જમીનો વેચાણ આપવાની થશે તો તેનું મૂલ્યાંકન સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી નિતીના આધારે કરાશે. આ પરિસ્થિતિમાં આગામી દિવસોમાં સરકારી જમીનો મોંઘી થશે સાથે સાથે તેની આસપાસની ખાનગી જમીનો પણ મોંઘી થશે અને તેની અસર નવા આકાર લેનાર પ્રોજેકટ ઉપર પડશે અને નવા પ્રોજેકટ મોંઘા થશે.

સરકારે જમીન મૂલ્યાંકનની નવી માર્ગદર્શીકામાં ત્રણ મુદ્દા સ્પષ્ટ કર્યા છે. આવી જમીનનું ક્ષેત્રફળ ૩૦૦ ચો.મી. કરતા વધુ હોય પરંતુ ૧૦૦૦૦ ચો.મી.થી ઓછામાં ઓછા થયેલ વેચાણખતો ધ્યાનમાં લેવામાં આવશે તેમજ ૧૦૦૦૦ ચો.મી.થી વધુ હોય તો છેલ્લા ૧૦ વેચાણ ખતો ધ્યાને લઈ તેની સરેરાશ કિંમત કાઢી વેચાણ કિંમત નક્કિ કરવામાં આવશે.

આમ, પણ એવી જોગવાઈ છે કે મૂલ્યાંકન હેઠળની જમીનની આસપાસ એક કિ.મી. ની ત્રિજયામાં છેલ્લા એક વર્ષમાં સરખામણી પાત્ર વેચાણ દસ્તાવેજોને જ ધ્યાનમાં લેવાના રહેશે એટલે કે સરકારી જમીન કોઈપણ પ્રોજેકટ કે કોઈપણ હેતુ માટે વેચાણ આપવાની થતી હશે તે જમીનની એક કિ.મી.ની ત્રિજયામાં છેલ્લા એક વર્ષમાં થયેલા આસપાસના નોંધાયેલ વેચાણ દસ્તાવેજોને જ ધ્યાનમાં લઈઈ નવી કિંમત આકારવામાં આવશે જો આવા વેચાણ દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો તેવા કેસોમાં છેલ્લા બે વર્ષના વેચાણ દસ્તાવેજોને ધ્યાને લેવામાં આવશે તેમ છતાં તેવા વેચાણ દસ્તાવેજો પણ ઉપલબ્ધ ના હોય તો પછીને સરકારી જમીનથી દોઢ કિ.મી.ની ત્રિજયામાં આવેલી અન્ય જમીનની એક બે વર્ષમાં થયેલા વેચાણ દસ્તાવેજોને ધ્યાનમાં લેવામાં આવશે જો દોઢ કિ.મી. ત્રિજયાના દસ્તાવેજો પણ ઉપલબ્ધ ના હોય તેવા કિસ્સામાં ૧૦ કિ.મી.ની ત્રિજયામાં આવેલ જમીનના વેચાણ દસ્તાવેજોને ધ્યાને લેવામાં આવશે જો તે પણ ઉપલબ્ધ ના હોય તો સરખા પ્રકારના ગામોના વેચાણને ધ્યાનમાં લેવામાં આવશે એક જ સર્વે નંબર કે એક જ સોસાયટીના એક સમાન વેચાણ દર એક જ તારીખ ધરાવતા એકથી વધુ વેચાણ ઉપલબ્ધ હોય તો તેવા કિસ્સામાં એક જ વેચાણને ધ્યાનમાં લેવામાં આવશે.

જો શહેરી વિસ્તારમાં આવી સરકારી જમીનો વેચાણ થતી હોય તો આવા વેચાણો એક કે તેથી ઓછી એફએસઆઈ ધરાવતા હોય તેવા વેચાણો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

વેચાણ પાત્ર થતી જમીનનું મૂલ્યાંકન જે હેતુ માટે ખેતી કે બીનખેતી માટે કરવાનું હોય તે હેતુનો વેચાણ જયારે ઉપલબ્ધ ન હોય ત્યારે સરકારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં શું કરવું તે માટે અલગ અલગ જોગવાઈઓ જાહેર કરેલ છે તે મુજબ શહેરી વિસ્તાર હોય અને બીનખેતીના હેતુ માટે જમીન આપવાની થતી હોય ત્યારે જો બીનખેતીના હેતુ માટેના વેચાણખત ઉપલબ્ધ ના હોય તો ખેતીના વેચાણખતના ત્રણ ગણા ભાવ નક્કી કરી નવી કિંમત આકારવામાં આવશે.

જો સરકારે તેની જમીન બીનખેતીના હેતુ માટે વેચવાની થતી હોય અને આસપાસમાં કોઈ બીનખેતીના જમીનના આવા વેચાણો ના થયા હોય ત્યારે ખેતીની જમીનના ત્રણ ગણા ભાવ ગણી લેવાના રહેશે.

જયારે ખેતીના હેતુ માટે જમીન આપવાની થતી હોય ત્યારે તેવી જમીનની કિંમત નક્કિ કરવાનો બીનખેતીના વેચાણ ખતના દોઢ ગણા ભાવ ગણવાના રહેશે. શહેરી વિસ્તારમાં ત્રણ ગણા અને ગ્રામ્ય વિસ્તારમાં દોઢ ગણા ભાવ ગણવામાં આવશે.

પરંતુ જો ગણોત ધારાના કબજા ૬૩ કે ૬૩(અ) હેઠળ બીનખેડૂત કે કંપનીને બીનખેતીના હેતુ માટે જમીન ખરીદવા અંગે પરવાનગી અપાઈ હોય તો અને બીન ખેતીના વેચાણ સ્ટેમ્પ ડયુટી વસુલ કરીને જમીનનો વેચાણ દસ્તાવેજ થયો હોય તો તેવા કિસ્સામાં વેચાણોને બીનખેતીની સમકક્ષ ગણીને તેના ત્રણ કે દોઢ ગણવાનું રહેશે નહિ પરંતુ મળવાપાત્ર એફએસઆઈ તથા વેચાણની જમીનમાં મળવાપાત્ર એફએસઆઈની તફાવત દૂર કરીને બેઝરેટ મુજબનો વધારો ઘટાડો આપવાનો રહેશે. આગામી દિવસોમાં સરકારી જમીનો ખરીદવાનું મોંઘુ થશે.

વડીલોનું દૃષ્ટાંત અનેકગણું સારું કામ આપે છે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

સત્ય નિષ્ઠા, પ્રામાણિકતા, નિખાલસતા, હિંમત, નિઃસ્વાસ્થતા, ધીરજ, સહનશક્તિ, ખંત, શાંતિ, સ્વસ્થતા, આત્મસંયમ - આ બધી વસ્તુઓ એવી છે કે શીખવવા માટે સુંદર શબ્દો કરતાં વડીલોનું પોતાનું દૃષ્ટાંત જ અનેકગણું સારું કામ આપે છે.

- શ્રી માતાજી (અનુ. સુન્દરમ્)

આજના યુગમાં બાળક પાસે બધું જ છે, કોઈ પણ જાતનું જ્ઞાન એક મિનિટમાં ઈન્ટરનેટની મદદથી તે ગૂગલથી સર્ચ કરીને મેળવી શકે છે. પોતાના એસાઈનમેન્ટ્સ અને પ્રોજેક્ટ્સ માટે પણ તે ઈન્ટરનેટની મદદ લઈને સરળ રીતે પોતાનું કામ કરી જાણે છે. પણ આજે આવો આપણો આપણી જાતને તેમ જ આપણા બાળકોને શું આ નીચે જણાવેલ કામ કરતાં આવડે છે ? તેની ચકાસણી કરીએ.

તમારા સંતાનને -

- કચરો વાળતાં આવડે છે ? કઈ જગ્યાએ કયા પ્રકારની સાવરણીનો ઉપયોગ થાય છે એની ખબર છે ? કયારે ઊભા રહીને અને કયારે બેસીને વળાય એની ખબર છે ?
- પોતું કરતાં આવડે છે ? પોતું કરવા માટે વપરાતું કપડું કેવું હોવું જોઈએ એની ખબર છે ?
- બાથરૂમ, સંડાળ, ખાળ, ગટર સાફ કરતાં આવડે છે ? સુતરાઉ, રેશમી, નાયલોન, ગરમ, કપડાં ખરબચડાં, નાનાં, મોટાં, કીમતી, બરછટ, સફેદ, રંગીન વગેરે વિવિધ પ્રકારનાં કપડાં ધોવામાં શું ફેર છે તેની ખબર છે ?
- વાસણ સાફ કરતાં આવડે છે ? એલ્યુમિનિયમ, સ્ટીલ, લોખંડ, પિત્તળ, તાંબું, પ્લાસ્ટિક, ચાંદી વગેરેનાં વાણસો સાફ કરવામાં શું તફાવત છે તેની ખબર છે ? કાટવાળાં, ચોંટેલાં, બળેલાં, સુકાયેલાં, ચીકણાં વાણસો સાફ કરવામાં શું ધ્યાન રાખવું પડે તેની ખબર છે ?
- ઈસ્ત્રી, કૂકર, મિકસર, ગીઝર વગેરેનો ઉપયોગ કરતાં આવડે છે ?
- રોજિંદી રસોઈ બનાવતાં આવડે છે ?
- શાકભાજી, અનાજ, કરિયાણું ખરીદતાં આવડે છે ? તેમની કિંમત ગણતાં આવડે છે ?
- વીજળીનો ફ્યૂઝ ઊડી ગયો હોય તો નવો બાંધતા આવડે છે?
- કપડું સાધતાં, ભરત ભરતાં આવડે છે ?
- દીવાલમાં કે ચંપલમાં કે ફર્નિચરમાં ખીલી ઠોકતાં કે સ્ક્રૂ બેસાડતાં આવડે છે ખરું ?
- ચોપડી ઉપર પૂઠું ચઢાવતાં આવડે છે ?
- પડીકું વાળતાં આવડે છે ?
- દીવાલે રંગ કરતાં આવડે છે ?
- ફૂલોની માળા ગૂંથતાં આવડે છે ? આસોપાલવનાં તોરણ બનાવતાં આવડે છે ?
- ચેક લખતાં, બેંકમાં ડ્રાફટ કઢાવતાં, પોસ્ટ ઑફિસે રજિસ્ટર કરતાં, તાર મોકલતાં, પાર્સલ કરતાં, યોગ્ય રીતે સરનામું કરતાં આવડે છે ?
- રેલવેનું સમયપત્રક જોતાં, રીઝર્વેશન કરાવતાં આવડે છે ?
- નકશોને કોઈ સ્થળ શોધી કાઢતાં આવડે છે
- શેરડીનો સાંઠો છોલતાં, સોપારી કાતરતાં, સૂડાથી કેરી કાપતાં, પાન બનાવતાં આવડે છે
- હિસાબ લખતાં આવડે છે ?
- છૂટા કાગળમાંથી નોટ બાંધતાં આવડે છે ?
- હિસાબ લખતાં આવડે છે ?
- છૂટા કાગળમાંથી નોટ બાંધતા આવડે છે ?
- કઈ ઋતુમાં કયાં શાકભાજી મળતાં હોય તેની ખબર છે ?
- સત્તાવાળાઓને અરજી કરતાં આવડે છે ?
- સુઘડ રીતે શેતરંજી પાથરતાં, પથારીઓ કરતાં આવડે છે?
- બૂટ પૉલિસ કરતાં આવડે છે ?
- યોગ્ય રીતે પોતાનો પરિચય આપતાં આવડે છે?
- કૂડામાં કે જમીનમાં છોડ રોપીને ઉછેરતાં આવડે છે ?
- કયા કપડાને માટે કેટલું કાપડ જોઈશે તેની ગણતરી કરતાં આવડે છે ?
- કોઈ પણ વસ્તુનું જોખીને વજન કરતાં આવડે છે ? કાપડ અથવા જમીન માપતાં આવડે છે ?
- ગાતાં, દોડતાં, ચિત્રકામ કરતાં, રંગોળી પૂરતાં, સુંદર અક્ષરે લખતાં આવડે છે ?
- નળના આંટા ખવાઈને ઢીલા થયા હોય અને પાણી ટપકતું હોય, તો તે બંધ કરતાં આવડે છે ?
- પાનું, પકડ, હથોડી, સ્ક્રૂ ડ્રાઈવર, જૅક, કોશ, કોદાળી, પાવડો, કાતર, કુહાડી, ખૂરપી વગેરે વાપરતાં આવડે છે ?
- લાઠી, ગલોલ, તીરકામઠું વગેરેનો ઉપયોગ કરતાં આવડે છે ?
- તરવું, દોરડાંની મદદથી ચઢવું, ઝાડ ઉપર ચઢવું, દોરડાં કૂદવાં વગેરે પૈકી કશું આવડે છે ?

આ બધાં જ રોજેરોજના જીવનમાં ઉપયોગી એવાં કૌશલ્યો છે. આ અને આવાં અનેક કૌશલ્યોને પરિણામે જીવન સરળ બને છે, સફળ બને છે.

Last Seen :
આપણે જે નથી જ જાણતાં, તે આપણે નથી જાણતાં
- એટલું કબૂલ કરીએ, એનું નામ જ્ઞાન.

- nehalgadhavi101@gmail.com

ઈન્દિરા ગાંધીથી શરૂ થયેલી કહ્યાગરા ન્યાયતંત્રની પરંપરા અને આજ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ભારત સરકારે દેશના મુખ્ય ન્યાયાધીશના હોદ્દે સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ રંજન ગોગોઈની નિમણૂક કરીને સંભવિત વિવાદ ટાળવાનું પસંદ કર્યું છે. આગામી ૨ ઓક્ટોબરના રોજ નિવૃત્ત થઈ રહેલા મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા કનેથી જ પોતાના અનુગામીના નામની ભલામણ સરકારે મંગાવી અને એને સ્વીકારી હતી. આગામી ૩ ઓક્ટોબરે દેશના મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્યભાર સંભાળનારા અને બે વર્ષમાં થોડાક ઓછા સમયગાળા માટે મુખ્ય ન્યાયાધીશ રહેનારા ૬૩ વર્ષીય જસ્ટિસ ગોગોઈ આ હોદ્દે આવનારી ઈશાન ભારતની સર્વપ્રથમ વ્યક્તિ છે. દિબ્રુગઢમાં જન્મેલા અને ૧૯૭૮માં ધારાશાસ્ત્રી તરીકે ગુવાહાટીની વડી અદાલતમાં પ્રેક્ટિસ શરૂ કરનાર ગોગોઈ આસામના બે મહિના માટે કોંગ્રેસી મુખ્યમંત્રી રહેલા કેશવચંદ્ર ગોગોઈના પુત્ર છે.તેઓ અહોમ ગણ પરિષદ (એજીપી)ના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી પ્રફુલ્લકુમાર મહંતીના ધારાશાસ્ત્રી પણ રહ્યા છે. ગુવાહાટીની વડી અદાલતમાં ન્યાયાધીશ નિયુક્ત થયા પછી તેમની પંજાબ અને હરિયાણાની વડી અદાલતમાં બદલી થઈ અને એ અદાલતના મુખ્ય ન્યાયાધીશ થયા પછી ૨૦૧૨થી સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ નિયુક્ત થયા હતા. અદાલતમાં કડક નિયમપાલન માટે જાણીતા જસ્ટિસ ગોગોઈ કોઈપણ ખટલામાં ચુકાદો આપતી વેળા કોઈની સાડાબારી રાખવાને બદલે કાયદાનું અર્થઘટન કરીને યોગ્ય લાગે તે નિર્ણય કરવા માટે મશહૂર છે.એમની બહુચર્ચિત પત્રકાર પરિષદમાં સામેપૂર તરવા જેવા સંજોગો હતા ત્યારે પણ એમણે કહેવાનું પસંદ કર્યું કર્યું હતું કે સુપ્રીમ કોર્ટમાં બધું બરાબર ચાલતું નથી. હવે એને બરાબર કરવાની જવાબદારી એમના શિરે આવી છે.

પંચને ગેરબંધારણીય જાહેર

સદગત વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કહ્યાગરા મુખ્ય ન્યાયાધીશ નિયુક્ત કરવાની શરૂ કરેલી પરંપરાને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનુસર્યા નહીં એ આવકાર્ય પગલું ગણી શકાય. જોકે ઉત્તરાખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ જોસેફ અને કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ જયંત પટેલના પ્રકરણમાં કેન્દ્ર સરકારની ભૂમિકા વિવાદાસ્પદ જરૂર રહી હતી. જોકે ઈન્દિરા ગાંધીના યુગથી શરૂ થયેલી ન્યાયતંત્રની નિમણૂકોની દખલગીરી અત્યારે પણ જોવા મળે છે. મુખ્ય ન્યાયાધીશ સહિતના પાંચ જજના કોલેજિયમ થકી સુપ્રીમના ન્યાયાધીશ કે હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક માટેની ભલામણો સરકાર પૂરેપૂરી સ્વીકારતી નથી. અમુકની દરખાસ્તોને ઈન્ટેલિજન્સના ગુપ્ત અહેવાલોને નામે ટાળી દેવાની વૃત્તિ-પ્રવૃત્તિ ચાલતી રહે છે. ભાજપના વડપણવાળી સરકાર પોતાને અનુકૂળ ન્યાયાધીશોની નિમણૂક કરવાનું શક્ય બને એટલા માટે રાષ્ટ્રીય અદાલતી નિમણૂક પંચ મારફત ન્યાયાધીશોની નિમણૂકો કરવાની પક્ષધર છે. કોંગ્રેસને પણ એ અનુકૂળ લાગે છે. મોદીયુગમાં એટલેકે ઓગસ્ટ ૨૦૧૪માં સંસદનાં બંને ગૃહોએ પંચની રચનાના ૯૯મા બંધારણીય સુધારા વિધેયકને મંજૂર કરવા ઉપરાંત રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ મત્તું મારીને કાયદાનું સ્વરૂપ પણ આપ્યું હતું. જોકે એને સુપ્રીમે ગેરબંધારણીય જાહેર કરીને રદ કરવાનો ચુકાદો આપ્યો છે. એટલે અત્યારે તો ન્યાયાધીશોના કોલેજિયમ મારફત ન્યાયાધીશોનાં નામની ભલામણ કરાય છે. સૂચવાયેલાં બધાં નામ સરકાર સ્વીકારે એવું નથી.

- **સીનિયોરિટી જાળવીને ઇશાન ભારતના સર્વપ્રથમ મુખ્ય ન્યાયાધીશપદે રંજન ગોગોઈની નિયુક્તિ**
- **રાજકીય શાસકો તો રાષ્ટ્રીય અદ્યલતી નિમણૂક પંચ દ્વારા ન્યાયાધીશોની નિમણૂકો કરવાના પક્ષધર**
- **કેટલાક ન્યાયાધીશો તો વડાપ્રધાનના સચિવને પૂછીને ચુકાદા લખવા માટે નામચીન હોવાનું જણાયું**
- **ન્યાયતંત્રની સ્વતંત્રતા અને સરકારના અધિકારોની લક્ષ્મણરેખા અનુસરાય તો સ્વસ્થ લોકશાહી ટકે**

ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન રદ

જસ્ટિસ કે.એમ. જોસેફના નામની કોલેજિયમે ભલામણ કર્યા છતાં એ અંગે પુનઃવિચાર કરવાનો સરકારનો આગ્રહ રહ્યો હતો. કારણ ઉત્તરાખંડમાં કોંગ્રેસની સરકારને બરખાસ્ત કરીને રાષ્ટ્રપતિ શાસન લાદવાના કેન્દ્રના નિર્ણયને ઉત્તરાખંડની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે તેમણે રદ કરીને કોંગ્રેસની સરકારને બહાલ કરી હતી. સદનસીબે અત્યારના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાના વડપણવાળા કોલેજિયમે ફરી ફરીને જસ્ટિસ જોસેફના નામની ભલામણ કરી ત્યારે અંતે એમની સીનિયોરિટી ડૂબાડીને પણ તેમને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાનું સરકારે સ્વીકાર્યું હતું. ન્યાયતંત્રની સ્વતંત્રતા જળવાય, સરકાર પણ પોતાના અધિકારો ભોગવે,પરંતુ બંનેમાંથી કોઈ પોતાની લક્ષ્મણરેખાને ઓળંગે નહીં તો જ દેશની સ્વસ્થ લોકશાહીનું જતન થશે. જસ્ટિસ જોસેફનું નામ સર્વોચ્ચ અદાલતના કોલેજિયમે વારંવાર સરકારને સૂચવ્યું પછી એમની સીનિયોરિટી ડૂબાડીને તેમને સર્વોચ્ચ અદાલતમાં નિયુક્ત કર્યા હતા.જસ્ટિસ પટેલને કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ નહીં બનાવાયા ત્યારે તેમણે રાજીનામું આપવાનું પસંદ કર્યું હતું. આ બંને ન્યાયાધીશો વર્તમાન શાસકોને પ્રતિકૂળ એવા ચૂકાદા આપવા બદલ આવી સ્થિતિમાં મુકાયા હતા.મહારાષ્ટ્રમાં સીબીઆઈ જજ બ્રિજગોપાલ હરિકૃષ્ણ લોયાની કથિત હત્યા સહિતના મુદ્દે સર્વોચ્ચ અદાલતના ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશોએ જાન્યુઆરી ૨૦૧૮માં અભૂતપૂર્વ કહી શકાય એવી પત્રકાર પરિષદ કરીને મુખ્ય ન્યાયાધીશ મિશ્રાની ભૂમિકાને વિવાદમાં આણી ખળભળાટ મચાવ્યો હતો.

ચુકાદાને ઉલટાવવાનો પ્રયાસ વિફળ

વર્ષ ૧૯૯૬થી ૯૮ દરમિયાન દેશના સોલિસિટર જનરલ રહેલા ટી.આર.અધ્યારુજીનાએ લખેલા દસ્તાવેજી પુસ્તક "ધ કેશવાનંદ ભારતી કેસ : ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ સ્ટ્રગલ ફોર સુપ્રીમસી બાય સુપ્રીમ કોર્ટ એન્ડ પાર્લામેન્ટ"માં ઈન્દિરા યુગમાં કહ્યાગરા ન્યાયાધીશોને નિયુક્ત કરવાની મોસમ કેવી રીતે ખીલી એનું વિગતવાર અને અંતરિયાળ માહિતીને આધારે નામ સહિતનું વર્ણન વાંચવા મળે છે. સંસદને બંધારણ બદલવાની કોઈ સત્તા નથી એવા ૬ વિરુદ્ધ ૫ ન્યાયાધીશોના ગોલકનાથ ચુકાદાને બદલાતા કેશવાનંદ ભારતી કેસના ૧૩ ન્યાયાધીશોની ખંડપીઠના ૭ વિરુદ્